
# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 3 * ડિસેમ્બર 2014 * કિં ₹ 10




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં નવાં પ્રકાશનો



પંડિત નહેરુની જન્મજયંતી 'બાળદિન' નિમિત્તે ધો. ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ વક્તૃત્વ સ્પર્ધામાં 'મારું પ્રિય પુસ્તક' વિશે વક્તવ્ય આપતી વિદ્યાર્થીની




'ભવિષ્યનું ગ્રંથાલય અને માહિતી સેવાઓ' વિશે ડૉ. એચ. અનિલકુમાર



'ઈ-રિસોર્સીસને કારણે ગ્રંથાલયોની બદલાતી ક્ષિતિજો' વિશે ડૉ. શ્રેયસી પરીખ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-

લવાજમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઓ. થી જ મોકલવું

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ગ્રંથાલયની નવી ક્ષિતિજો

૨૦૧૩માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે વિવિધ વ્યાખ્યાનો, ૪૫૦૦ ઉપરાંત સંદર્ભગ્રંથો અને અન્ય પુસ્તકોનાં પ્રદર્શન વગેરે દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરી હતી. આની સફળતાથી પ્રેરાઈને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૪ નવેમ્બર ૨૦૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૧૪ સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરી.

આ ગ્રંથાલય સપ્તાહને પ્રારંભે ધો. ૫ અને ૮ના વિદ્યાર્થીઓ માટે 'મારું પ્રિય પુસ્તક' એ વિશે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં કુલ ૭ શાળાઓમાંથી ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પહેલા, બીજા અને ત્રીજા ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન અને સંયોજન ડૉ. અલ્પાબહેન શાહે કર્યું હતું.

'ગ્રંથાલય અને માહિતીસેવાઓ ક્ષેત્રે વૈશ્વિક વિકાસ અને તેની ભારત પર અસરો' વિષય ઉપર ૧૫ નવેમ્બરને દિવસે એક દિવસીય ગ્રંથાલય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬, ૧૭ અને ૧૮ નવેમ્બર દરમિયાન જગતના વિશ્વકોશો, શબ્દકોશો અને અન્ય પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

૧૯ નવેમ્બરને દિવસે શ્રી અરવિંદનું મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર શ્રી રાજેન્દ્ર પટેલે ખાસ વ્યાખ્યાન આપ્યું હતું.

૨૦મી નવેમ્બરને દિવસે 'વર્તમાન જીવન અને વાંચનનો આનંદ'એ વિષય ઉપર વલસાડની શાહ એન. એચ. કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે વક્તવ્ય આપ્યું હતું. તેમણે જીવનના ઉત્કર્ષમાં વાંચનના મહત્ત્વની વાત રસમય રીતે કરી હતી.

૧૫ નવેમ્બરના રોજ યોજાયેલા એક દિવસીય ગ્રંથાલય પરિસંવાદનો પ્રારંભ ડૉ. અલ્પાબહેન શાહે વિશ્વકોશ ગાનથી કર્યો. ત્યારબાદ આ પરિસંવાદ યોજવા માટેની ભૂમિકા સમજાવતાં શ્રી પ્રવીણ શાહે કહ્યું કે 'વિશ્વ વિદ્યાઓનો કોશ અને સચરાચર સૃષ્ટિની સર્વાંગીણ માહિતીનો ભંડાર એટલે વિશ્વકોશ. અમે અહીં – Think Globally, Act Locally અને વધારે અગત્યનું છે Commit Personally – આ વિચારબીજને ધ્યાનમાં રાખીને આજના આ પરિસંવાદના વિષયોની પસંદગી કરી છે.'

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રેરણાસ્રોત એવા ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, 'આજે ગ્રંથાલયોની હાલત ઘરના એક ખૂણામાં પડેલા રેડિયો જેવી થઈ રહી છે, ત્યારે અમે અહીં માહિતીનું જ્ઞાનમાં અને જ્ઞાનનું પ્રજ્ઞામાં રૂપાંતર થાય તેવો વિદ્યાપુરુષાર્થ કરીએ છીએ. ગ્રંથાલયો તો જ્ઞાનની ગંગોત્રી છે. અમારે માટે તો ગ્રંથપાલોનો મેળાપ એ મોટા ભાઈના મિલન સમાન છે.' તેઓએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

આઇ. આઇ. એમ., અમદાવાદના ગ્રંથપાલ ડૉ. અનિલકુમારે પ્રથમ ચાવીરૂપ પ્રવચન આપતાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને આ પ્રકારનો ગ્રંથાલય પરિસંવાદ યોજવા બદલ અભિનંદન આપીને કહ્યું કે : 'આજે જ્યારે જ્ઞાન આધારિત સમાજ આકાર લઈ રહ્યો છે, ત્યારે સમાજમાં અને સંસ્થાઓમાં ગ્રંથાલયોનું મહત્ત્વ હોવું જરૂરી છે. પરંતુ ભારતમાં આ ક્ષેત્રે જોઈએ તેટલી ગંભીરતા નથી. આપણું શિક્ષણ વર્ગખંડ કરતાં ગ્રંથાલયો ઉપર આધારિત હોવું જોઈએ. વિશ્વમાં દૂરવર્તી શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે. જર્મનીએ તો ૪૦૦ ઉપરાંત વિષયોમાં મફત શિક્ષણ જાહેર કર્યું છે. પરદેશમાં ૫ % જ્ઞાનવર્ગમાં મેળવાય છે, જ્યારે ૯૫ % જ્ઞાન ગ્રંથાલય જેવા વિવિધ સ્રોતોમાંથી મેળવાય છે. પુસ્તક વાંચનનું મહત્ત્વ આજે પણ એવું જ છે. ભારતમાં ગ્રંથાલય ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે. માહિતી અને પ્રત્યાયન ટેક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ, કર્મચારીતાલીમ, મૅનેજમેન્ટનો સાથ, ગ્રંથાલયો માટે નાણાંનો અભાવ વગેરે પ્રશ્નો છે. જૂનાં ગ્રંથાલયોના ગ્રંથસંગ્રહ જેવો ગ્રંથસંગ્રહ હાલ વિકસી રહ્યો નથી. વિશ્વમાં હાલ ઈ-માહિતી સ્રોતોનું મહત્ત્વ અનેક કારણોસર વધી રહ્યું છે. હવે આપણે સાચી અને સમયસર ગુણવત્તાયુક્ત માહિતી આપવી પડશે જ.

બીજું ચાવીરૂપ પ્રવચન નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન્સ, અમદાવાદના નૉલેજ મૅનેજમેન્ટ સેન્ટરના વડા ડૉ. શ્રેયસીબહેન પરીખે 'નવા યુગમાં ગ્રંથાલયો અને ગ્રંથપાલોની બદલાતી ભૂમિકા' પર આપ્યું હતું. ભવિષ્યનાં ગ્રંથાલયો દીવાલમુક્ત અને પરંપરાગત પણ હશે. ભૂતકાળના વાચકોની માંગ અને હાલના વાચકોની માહિતી મેળવવામાં ઘણો તફાવત છે. માહિતી અને પ્રત્યાયન ટેક્નૉલૉજી, મુક્ત માહિતીસ્રોતો, મુક્ત શિક્ષણ, મુક્ત સૉફ્ટવેર વગેરેની ગ્રંથાલય-સેવાઓ ઉપર ઘણી અસર પડી છે. ડિજિટલાઇઝેશન, ઈ-પ્રકાશનો, ઇન્ટરનેટને કારણે માહિતી મેળવવાની રીત, ગતિ અને ચોક્કસતામાં ઘણા ફેરફારો આવ્યા છે. આ બધાં કારણોને લઈને ગ્રંથપાલની ભૂમિકા બદલાઈ ગઈ છે. એણે નવી ટેક્નૉલૉજી સતત શીખવી પડશે, ગ્રંથાલય-સેવાઓ નવા દૃષ્ટિકોણથી આપવી પડશે. વાચકોને માર્ગદર્શન આપવું પડશે. ઇ-સ્રોતોનું સતત મૂલ્યાંકન કરવું પડશે. મૅનેજમેન્ટને ગ્રંથાલયની અગત્ય વિશે સતત સમજાવતા રહેવું પડશે. વાચકોને મૂલ્ય આધારિત સેવાઓ આપવી પડશે. આ બધાં માટે તેણે વિશ્વાસથી, નિષ્ઠાથી અને નીતિમત્તાથી કાર્ય કરવું પડશે.

બીજા ચાવીરૂપ પ્રવચન બાદ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓની તથા ગુજરાતી વિશ્વકોશનાં અધિકરણો કેવી રીતે તૈયાર થાય છે વગેરેની માહિતી આપતો વીડિયો, પ્રતિનિધિઓને બતાવવામાં આવ્યો હતો.

'એડિનેટ' વિશેની માહિતી શ્રીમતી આર. આર. ભરૂચાએ આપી હતી. ભોજન બાદ 'ગ્રંથાલયો માટે વાચકલક્ષી અભિગમ : પ્રશ્નો અને નિરાકરણ' ઉપર આમંત્રિત

લેખોની રજૂઆત થઈ હતી. આ બેઠકના અધ્યક્ષ તરીકે ડૉ. મનીષભાઈ પંડ્યા હતા.

ડૉ. રશ્મિ કુંબારે તેમના પ્રવચનમાં જણાવ્યું કે, ''આજે શૈક્ષણિક ગ્રંથાલયોએ ઉપભોક્તાની માંગ આધારિત ત્વરિત અને સાચી સેવાઓ આપવાની જરૂર છે. તેણે વાચકના માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવાની છે. આ માટે તેણે ગ્રંથાલય-સેવાઓનું સતત મૂલ્યાંકન કરવું પડશે અને જરૂરી ફેરફારો કરતા રહેવું પડશે.''

બીજું પ્રવચન જાણીતા શિક્ષણવિદ અને શૈક્ષણિક સામયિકોના તંત્રી ડૉ. હર્ષદભાઈ પટેલે આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ''વાચકોની માંગને સંતોષવા માટે મુક્ત અને વાચકોને ઉપયોગી સાહિત્ય પૂરું પાડવું જોઈએ. વાચકો કોઈ પણ ગ્રંથાલયમાંથી પુસ્તક લઈ શકે અને પરત કરી શકે તે માટે 'Common Library Ticket'ની વ્યવસ્થા કરવી જોઈએ. આજે માહિતી ટૅક્નોલૉજીના આ જમાનામાં આ વસ્તુ શક્ય છે. ગ્રંથાલયે વાચકલક્ષી અભિગમ અપનાવવો જોઈએ. વાચક ગ્રંથાલયનો ચાહક બને તે સેવા આપો.''

ત્રીજો લેખ રજૂ કરતાં રચના સ્કૂલના નૉલેજ સેન્ટરનાં ગ્રંથપાલ શ્રીમતી ઉદયના શાહે જણાવ્યું કે, 'જે રાષ્ટ્રમાં વાચન છે, તે રાષ્ટ્ર નેતૃત્વ કરે છે.' તેમણે તેમના ગ્રંથાલયમાં નાનાં નાનાં બાળકોથી માંડીને બારમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને અપાતી લાઇબ્રેરી-સેવાઓ, તેમને અનુકૂળ ફર્નિચર, તેઓને જરૂરી માહિતીસ્રોતની વાત કરી તથા વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કરવા માટે ગ્રંથાલય સક્રિય રીતે મદદરૂપ થાય છે તેમ જણાવ્યું અને શાળા-ગ્રંથાલય કેવી કેવી પ્રવૃત્તિઓથી ધમધમતું રાખી શકાય તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

ત્યારબાદ, 'ઉત્કૃષ્ટ ગ્રંથાલય-સેવાઓમાં નવીન દૃષ્ટિકોણ' ઉપર પૅનલ ચર્ચા તથા પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખ્યો હતો. આ પૅનલ ચર્ચાના મોડરેટર હતા માઇકાના ડૉ. શૈલેષભાઈ યાજ્ઞિક. તેમણે કહ્યું કે આપણે ત્યાં કોઈ પણ વાચક માહિતી માટે આવે/ કે માંગે તો તે આપણા ગ્રંથાલયનો સભ્ય ન હોય તોપણ તે વૈશ્વિક વાચક છે તેમ માનીને સેવાઓ આપવા પ્રયત્નો કરવા જોઈએ અને મદદરૂપ થવું જોઈએ.

ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથપાલ શ્રી પ્રજ્ઞાબહેન પાઠકે કહ્યું કે, ''આપણા વાચકો માટે પાયાની સગવડો પૂરી પાડવાની શરૂઆત કરીએ તો તે પણ ઉત્તમ સેવા આપવા તરફનું યોગ્ય પ્રદાન ગણાય.''

પૅનલનાં નિષ્ણાત વક્તા અને એચ. કે. આર્ટ્સ કૉલેજના ગ્રંથપાલ શ્રી તોરલબહેન પટેલે જણાવ્યું કે આપણા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ધ્યાનમાં રાખીને માહિતીસ્રોતોની પસંદગી કરવામાં આવે તો તેનો ઉપયોગ વધે છે. દરેક ગ્રંથાલયે વિવિધ સ્રોતોની મર્યાદામાં રહીને ઉત્કૃષ્ટ સેવા આપવા નવા નવા નુસખા અજમાવવા પડશે. કૉલેજ ગ્રંથાલય બ્રોસર દ્વારા નોટિસ બોર્ડ ઉપર નવાં પુસ્તકોની માહિતી આપીને, ગ્રંથાલયમાં

આધુનિક મોબાઇલ આધારિત માધ્યમોનો ઉપયોગ કરીને સેવાઓ આપવામાં, કાઉન્ટર ઉપરની સેવાઓ વધારીને ગ્રંથાલયો ઉત્કૃષ્ટ સેવાઓ આપવા તરફ પ્રયત્નો કરી શકે છે. ફક્ત ઇચ્છાશક્તિ હોવી જરૂરી છે.

પેનલના એક નિષ્ણાત ડૉ. વર્ષાબહેન મહેતા, ગ્રંથાલય નિયામકશ્રી, ગુજરાત રાજ્યે જણાવ્યું કે, ''રાજ્ય-સરકારે તાલુકા-કક્ષા સુધીનાં બધાં જ ગ્રંથાલયોનું કમ્પ્યૂટરીકરણ કર્યું છે, બે રાજ્યગ્રંથાલયોમાં RFTD ટેક્નૉલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે. લગભગ ૭૦,૦૦૦ જેટલાં પુસ્તકોનું ડિજિટલાઇઝેશન પૂર્ણ કર્યું છે. આ પુસ્તકો મોબાઇલ–ઇન્ટરનેટ ઉપર વાંચી શકાશે. બીજાં અન્ય આધુનિક સાધનોની મદદથી વાંચકોને ઉત્કૃષ્ટ સેવા આપવા પ્રયત્નો થઈ રહ્યા છે.''

છેલ્લે સમાપન બેઠકમાં સમગ્ર પરિસંવાદની કાર્યવાહીની સરસ રીતે રજૂઆત ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયનાં પ્રો. ગીતાબહેન ગઢવીએ કરી હતી. શ્રી પ્રવીણ શાહે આભાર-દર્શન કર્યું હતું. આ બેઠકનાં અધ્યક્ષા તરીકે ડૉ. પ્રીતિબહેન શાહે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ સમગ્ર પરિસંવાદના ઉદ્‌ઘોષક તરીકે નડિયાદની આર્ટ્સ કૉલેજનાં ગ્રંથપાલ ડૉ. વૈશાલીબહેન ભાવસારે સેવાઓ આપી હતી

– **પ્રવીણ શાહ**

---

**(તેરમા પાનાનું ચાલુ)**

એક મનુષ્યનો અન્ય મનુષ્યો સાથેનો સંવાદ કેવો હોઈ શકે છે કે સંપર્ક કેવી રીતે વિકસી શકે તે મેં પરિક્રમા દરમિયાન જોયું છે. કુદરતી વાતાવરણમાં લોકોના સમૂહમાં જોડાવા, ચાલવાની અને તેમની સાથે વાતો કરવાની તક મળે છે. ઓછામાં ઓછાં સાધનોથી જીવવાની તક અને બળ મળે છે. આખું વર્ષ કામકાજના ભારણથી ભોગવેલા તણાવને દૂર કરવાનો પણ આ એક રસ્તો છે. જેમ કપડાંને ધોતી વખતે પાણીમાં બોળી, સાબુ લગાડી, ઘસી, પાણીમાં ફરી બોળીને નિચોવીને મેલ કાઢવામાં આવે છે તેમ પરિક્રમામાં વર્ષ દરમિયાન આવેલા–સેવાયેલા દુરિત કે નકારાત્મક ભાવોને હું ઘસી, ચોળી અને નિચોવીને દૂર કરવાનો પ્રયત્ન કરું છું.

– **સંજય ચૌધરી**

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐

# કેન્સરની સારવારમાં નેનો ટેક્નોલોજી

કેન્સરનું નામ પડતાં જ દર્દીઓ અને તે સગાંવહાલાંના હાંજા ગગડી જાય છે; જોકે હવે કેન્સરથી બચી શકાય છે અને કેન્સર થતું અટકાવી શકાય પણ છે.

"અપરિપક્વ કોષોની આક્રમક સંખ્યાવૃદ્ધિ કે તેને કારણે થતી જીવલેણ ગાંઠ એટલે કેન્સર. લોહીમાં અપરિપક્વ કોષોની સંખ્યાવૃદ્ધિને કારણે થતા રુધિરકેન્સર-(leukaemia)માં ગાંઠ જોવા મળતી નથી. કોષોની સંખ્યાના કારણે થતી ગાંઠને અર્બુદ (tumour) કહે છે. તે સૌમ્ય (benign) અને મારક (malignant) એમ બે પ્રકારની હોય છે."

એક કેન્સરવિદે કરેલી વ્યાખ્યા મુજબ પેશીની વિષમ (abnormal) અને અસમતોલ વૃદ્ધિને કારણે થતી ગાંઠને કેન્સર કહે છે. તેની વૃદ્ધિ સામાન્ય (normal) પેશીની વૃદ્ધિ કરતાં વધુ હોય છે.

કેન્સર નિર્ણાયક સારવારને ત્રણ ભાગમાં વહેંચી શકાય : (૧) શસ્ત્રક્રિયા, (૨) રેડિયો થેરાપી, (૩) કેમોથેરાપી.

આ સારવારમાં કેન્સરના કોષો તો નાશ પામી શકે છે પરંતુ સામાન્ય કોષો પણ નાશ પામે છે. ખાસ કરીને રેડિયોથેરાપી અને કેમોથેરાપીની આ મર્યાદા છે. સામાન્ય કોષો નાશ ન પામે તેવી સારવારની શોધ એક પડકાર છે.

આ પડકારને પહોંચી વળવા વૈજ્ઞાનિકો કેન્સરના કોષોની વધતી-જતી સંખ્યાવૃદ્ધિ સામે નેનો પદાર્થોનો ઉપયોગ લક્ષ્યવેધી ઉપચારમાં અમલીકરણ કરવા લાગ્યા છે. તેમાં કેન્સરની ન હોય તેવી પેશીઓને બહુ હાનિ થતી નથી.

સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ કેમિકલ ટેક્નોલોજીમાં આયર્ન ઓક્સાઇડના નેનો પાર્ટિકલ્સનુ સંશ્લેષણ કર્યું અને તેને પ્રકાશસંવેદી (Photosensitizer) અને પેપ્ટાઇડ સાથે જોડ્યા. તેથી 'લક્ષ્યવેધી (targeted) ફોટો ડાયનેમિકથેરાપી' મળી શકે.

આ પ્રકારના ઉપચારમાં 'ફોટોસેન્સિટાઇઝર'નો ઉપયોગ થાય છે. ફોટોસેન્સિટાઇઝર સાથે વિશિષ્ટ તરંગલંબાઈના પ્રકાશનો ઉપયોગ થાય છે જેથી કેન્સર કોષોનો નાશ થાય. પ્રકાશથી પ્રભાવિત કરતાં ફોટોસેન્સિટાઇઝર ફ્રી રેડીકલને છોડે જે કેન્સરના કોષોને ખતમ કરે છે.

પ્રયોગશાળાના અભ્યાસમાં વૈજ્ઞાનિકો ઉંદરોમાં ટ્યૂમર ઉત્પન્ન કર્યું. તે પછી દવાનું ઇંજેક્શન આપ્યું અને વિષમ પેટન પર પ્રકાશ ફેંક્યો. તેમણે જોયું કે પેપ્ટાઇડ સાથે જોડાયેલ નેનો પાર્ટિકલ્સના લીધે ટ્યૂમરની વૃદ્ધિ નોંધપાત્ર રીતે ઘટી ગઈ.

ફોટોડાયનેમિક ઉપચાર ચામડી, ગળા, મસ્તકના અને મોઢાના કેન્સરમાં ઉપયોગી થાય તેમ છે. તેઓ એન્ડોસ્કોપની મદદથી શરીરની અંદરના કેન્સરની સારવાર માટે પ્રયત્નશીલ છે. તે આંખ, મુખ અને ગર્ભાશયના કેન્સરમાં પણ ફાયદાકારક થઈ શકે છે.

– બિહારી છાયા

# ગિરનારની પરિક્રમા – લીલી પરકમ્મા

ગિરનાર અને તેની ચોપાસનો વિસ્તાર હિન્દુ, જૈન, બૌદ્ધ ત્રણેય મુખ્ય પરંપરાનાં આશ્રયસ્થાન - સાધનાસ્થાન તરીકે અતિ પ્રાચીન છે. સૌરાષ્ટ્રનો જ નહીં ગુજરાતનો આ સૌથી ઊંચો પર્વત. કહેવતમાં ભલે કહેવાયું હોય કે 'ડુંગરા દૂરથી રળિયામણા' પણ ગિરનાર તો 'મૃગચર્મ ઓઢીને કોઈ યોગીરાજ સમાધિમાં બેઠા હોય તેવો દેખાય છે. જૈનોના પાંચ પવિત્ર પર્વતોમાંનો એક એવો ગિરનાર ગરવો ને સૌથી અદકેરો છે. તેની ગોદમાં અઢી હજાર વર્ષનો ઇતિહાસ ધરાવતું પુરાણ પ્રસિદ્ધ ગિરિનગર – જૂનાગઢ સમાયું છે. તે નગરની સંસ્કારિતાની શાખ પૂરતા ત્રણ રાજવંશ; મૌર્ય સમ્રાટ અશોક, મહાક્ષત્રપ રુદ્રદામા અને ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના શિલાલેખ ગુજરાતની સંસ્કારિતાનું અણમોલ ઘરેણું છે. અશોકના શિલાલેખના સમકાલીન બે બૌદ્ધ વિહારો 'લાખા મેડી' અને 'ઇંટવા' ગિરનાર વિસ્તારમાં મળી આવ્યા છે.

જેમનાં પ્રભાતિયાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘરે ઘરે ગવાય છે, એ ગાંધીજીના પ્રિય કવિ નરસિંહ મહેતાની આ કર્મભૂમિ વચ્ચે ઊભેલા આ 'પર્વતાધિરાજ' ગિરનારનાં દર્શન માત્રથી મન અને હૃદય પુલકિત અને દેહ રોમાંચિત થઈ ભાવવિભોર બની જાય છે. ગિરનારનું માહાત્મ્ય નીચેની પંક્તિઓમાં સરળ રીતે દર્શાવાયું છે :

સોરઠ ધરા જગ જૂની ને ગઢ જૂનો ગિરનાર;
ન્યા હાવજડા હેંજળ પીવે, એનાં નમણાં નર ને નાર.
સોરઠ દેશ ન સંચર્યો, ચડ્યો ન ગઢ ગિરનાર;
ન નાહ્યો દામો–રેવતી, અફળ ગિયો અવતાર.

એક અંદાજ મુજબ ગિરનારની ઉંમર ૨૨ કરોડ વર્ષની, હિમાલયની ઉંમર ૫૦ લાખ વર્ષની તથા સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગની ઉંમર ચાર કરોડ વર્ષની માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં પ્રથમ સુસંસ્કૃત માનવ-વસાહતના અવશેષો સોમનાથ પાસેના હિરણ નદીના ટીંબા પાસેથી મળી આવ્યા છે. ઈ. સ. ૧૮૯૩માં ડૉ. જે. ડબ્લ્યૂ ઇવાન્સ નામના ભૂસ્તરશાસ્ત્રીએ ગિરનારની મોજણી કરી હતી, ત્યારે તેમણે ગિરનાર એ બ્લૅક ગાર્નેટ અને ગ્રેનાઇટ પ્રકારનો પાષાણધર છે તેમ જણાવ્યું હતું.

**ગિરનારનું પૌરાણિક માહાત્મ્ય**

ગિરનાર માટે પુરાણો ઉજ્જયન્ત તથા ઉજ્જન્ત નામ આપે છે, જે શિલાલેખોમાં જણાવવામાં આવેલ નામ ઉર્જયત્‌ને મળતું આવે છે. રામાયણના કિષ્કિંધા કાંડમાં 'સૌરાષ્ટ્રન્સહ બાલહીકાન દ્રાીહિંસ્તૌંવ'' શબ્દોમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ કરવામાં આવેલો છે, મહાભારતમાં સૌરાષ્ટ્ર અને સુરાષ્ટ્રનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવેલો છે, કારણ કે શ્રીકૃષ્ણ અને પાંડવોની આ પ્રિય ભૂમિ હતી. સ્કંદપુરાણ ઈ. સ. છઠ્ઠીથી

આઠમી સદીના ગાળામાં લખાયેલું હોવાનું વિદ્વાનો માને છે. તેના પ્રભાસખંડના ૭૭મા અધ્યાયમાં ગિરનાર–માહાત્મ્ય જણાવવામાં આવેલું છે. 'પૃથ્વીના પશ્ચિમ ભાગમાં સમુદ્રની પાસે રેવતાચળ વગેરે પર્વતો છે તે જગ્યાએ ગિરનાર ક્ષેત્ર આવેલું છે. ત્યાં દામોદર નામનું તીર્થ છે... ભવનાથ મહાદેવ છે. તેની પાસે ઉજ્જયંત નામનો મોટો પર્વત છે. તે જગ્યાએ સુવર્ણરેખા નામની નદી છે.' જૈન લેખકો ગિરનાર માટે ઉજ્જયન્ત અને રૈવત બંને નામ આપે છે.

બૌદ્ધ ત્રિપિટકોમાં ગિરનારના બૌદ્ધ સાધુ તરીકે બપ્પભટ્ટીનું નામ ઉલ્લેખનીય છે. જેમણે ગિરનાર પાસે લાખા મેડીના બૌદ્ધ વિહાર ખાતે સાધના કરી હતી તે અંગેનો સંદર્ભ મળી આવેલો છે. ભદ્રબાહુસ્વામીએ ઈ. સ. બીજી સદીમાં લખેલા ગ્રંથ 'કલ્પસૂત્ર'માં શ્રી નેમિનાથની પ્રવ્રજ્યાનો પ્રસંગ આવે છે તે મુજબ, '... દ્વારવતી નગરીના મધ્યમાંથી નીકળે છે, નીકળીને રૈવતકમાં એક ઉદ્યાનમાં આવે છે.' અને ત્યાં અણગારદશા સ્વીકારે છે. એ પછી શારીરિક વાસનાઓનો પંચાવન રાતદિવસ ત્યાગ કરીને, 'દિવસના પાછલા પહોરમાં નીકળીને ઉજ્જયંત પર્વતના શિખર ઉપર વડના વૃક્ષ નીચે ... અનંત એવું કેવલજ્ઞાન થતાં ... ત્યાં વિહરી રહ્યા છે.'

શ્રી વિજયસેનસૂરીએ રચેલા 'રેવંતગિરિરાસુ'માં ગિરનાર પર્વત, તેનાં પ્રાકૃતિક સૌંદર્ય, વનરાજી, તીર્થધામોની ઐતિહાસિક વિગતો જણાવવામાં આવી છે.

જિમ જિમ ચડઈ તડિ કડણિ ગિરનારહ,
તિમ તિમ ઉડાઈ જણ ભવણ સંસારહ. (કડવું બીજું)

અર્થાત્ જેમ જેમ વ્યક્તિ ગિરનારનાં ઢોળાવ અને ટૂક ચઢે છે તેમ તેમ તે સંસાર-ભ્રમણમાંથી મુક્ત થાય છે.

ગિરનાર પર્વતને હિન્દુ શાસ્ત્રમાં રૈવત, ઉજ્જયંત, કુમુદ પર્વત, રેવતાચલ અને ગિરિનારાયણ જેવાં નામોથી ઓળખવામાં આવે છે. જૈન ગ્રંથોમાં 'ગિરનારઈ' નામે તથા મુસ્લિમ શાસનકાળ દરમિયાન તેને 'ગિરનાલ' નામથી ઓળખાવવામાં આવ્યો છે. જૂનાગઢનું નામ ગિરિનગર અને જીર્ણદુર્ગ હતું.

ગિરનાર પર્વતનો આકાર શિવલિંગ જેવો હોવાને કારણે તેને શિવનું સ્વરૂપ માનવામાં આવે છે. તેમાં દસ કરોડ તીર્થો સમાયેલાં છે અને તેને દૈનિક હાજતોથી અપવિત્ર થવા દેવાય નહિ તે માટે યાત્રાળુઓએ ઉપર વધારે રહેવું નહીં તેવું સ્કંદપુરાણના પ્રભાસ ખંડમાં કહેવામાં આવ્યું છે. ગિરનારને પવિત્ર માની પ્રતિવર્ષ તેની પરિક્રમા કરવામાં આવે છે. ભૂતકાળમાં દેવ ગણી તેની પૂજા પણ થતી હતી. નાથ સંપ્રદાયના સાધુઓ માને છે કે દત્તાત્રેય તેમના આદિગુરુ છે અને પ્રત્યેક સાધુએ ત્યાં દર્શને જવું અનિવાર્ય મનાયું છે.

જૈન યાત્રિકો મોટી સંખ્યામાં પ્રતિવર્ષ ગિરનાર ઉપરનાં દેરાસરોમાં દર્શનાર્થે આવે છે. ગિરનાર માહાત્મ્ય (જૈન) મુજબ બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને ત્યાં વસી અનેક પાપીઓનો ઉદ્ધાર કર્યો અને પોતે ત્યાં જ મોક્ષ પામ્યા હતા. ગિરનાર ઉપરનાં વિશાળ, સુંદર અને કળામય દેરાસરો એ જૈનોનું જ નહિ, જૈનેતર પ્રવાસીઓનું પણ અનેરું આકર્ષણ છે.

આપણા દેશમાં વિવિધ ધાર્મિક તીર્થસ્થાનોની પરિક્રમા થાય છે. પરિક્રમા કરવી એટલે વ્યક્તિ અથવા ધાર્મિક તીર્થસ્થાનની ચારે તરફ તેની જમણી બાજુથી પગપાળા ચાલીને પ્રદક્ષિણા કરવી. પરિક્રમાને ષોડશોપચાર પૂજાનું અંગ કહેવામાં આવે છે. પવિત્ર ધાર્મિક સ્થળો જેવાં કે અયોધ્યા, મથુરા વગેરે નગરીઓની પરિક્રમા કાર્તિક માસમાં યોજાય છે. કાશીમાં પંચ કોશની, વ્રજમાં ગોવર્ધનજી(ગોવર્ધન પર્વત)ની સપ્ત કોશની, વ્રજમંડળની ચોર્યાસી કોશની, નર્મદાની અમરકંટકથી અરબી સમુદ્ર સુધીની છ મહિનાની, ગિરનારની પાંચ દિવસની લીલી પરકમ્મા, પાલિતાણા શેત્રુંજય પર્વત ખાતે છ ગાઉની યાત્રા વગેરે પરિક્રમા વિશે સાંભળ્યું જ હતું. ગિરનારનું પૌરાણિક મહત્ત્વ જોતાં આ પરિક્રમા પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. મધ્યકાળમાં મુસ્લિમશાસન દરમિયાન આ પરિક્રમા બંધ થઈ ગઈ હતી.

**ગિરનારની પરિક્રમા માટેના ઉદ્દેશો**

આટલી મોટી સંખ્યામાં યાત્રાળુઓ ગિરનારની પરિક્રમા કરે છે તે માટેના ઉદ્દેશ-હેતુઓ હોઈ શકે તે માટે મેં વિશેષ વાંચન કર્યું અને અનુભવી લોકો સાથે જે વાતો થઈ તેના આધારે નીપજી આવેલાં તારણો નીચે મુજબ છે :

- ગિરનારને પવિત્ર પર્વત માનવામાં આવે છે.

- 'હરિ ઓમ તત્સત્ જય ગુરુદત્ત'ની રટણા સાથે ગુરુદત્તની નજીક જવા માટે.

- ગિરનાર પર યોગી અને યોગિનીઓ તપ કરે છે. પવિત્ર પર્વત તેમ જ યોગીઓની નજીક જવાથી પાપનું નિવારણ થાય છે.

- પુણ્ય મેળવવાનો સંતોષ, મગજ અને મન પ્રસન્ન થાય છે. સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ અને તે પણ મા કુદરતને ખોળે.

- ધાર્મિક અને આધ્યાત્મિક : ગિરનારમાં અનેક ધાર્મિક સ્થાનકો છે. સવારે કે સાંજે પણ આરતી થતી હોય ત્યારે બે હજારથી વધુ સ્થાનકોમાં થતી આરતી સાંભળવાની ધન્યતા તથા પુણ્ય મળે.

- પર્યાવરણ અને વનસ્પતિ બરાબર ખીલે છે. આ સમય દરમિયાન ચાલવામાં આવે તો સ્વાસ્થ્ય સારું થાય.

- પુરાણા કાળમાં લોકો આ રીતે ભેગા થતા અને તેમની એકતાનું આ એક સાધન હતું.

- નાત-જાતના કોઈ ભેદભાવ ઊભા થયા હોય તો દૂર થાય અને સમાનતા જળવાઈ રહે.

- મોટા ભાગના શહેરી યાત્રાળુઓ જિજ્ઞાસાથી જાય છે, જ્યારે ગ્રામીણ યાત્રાળુઓ શ્રદ્ધાથી જાય છે.

- જૂનાગઢનાં સ્થાનિક ધાર્મિક સ્થળો, દામોદરકુંડ, સુદર્શન તળાવ, અશોકનો શિલાલેખ વગેરેનું આકર્ષણ.

એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણ ભગવાને શ્રાપમુક્તિ માટે ગિરનારની પરિક્રમા કરેલી. વરસાદ અને ચોમાસાની ઋતુ પછી લીલાછમ થયેલા ગિરનાર પર્વત ફરતી કરવામાં આવતી પ્રદક્ષિણાને લીલી પરકમ્મા કહેવામાં આવે છે. લોકમાન્યતા મુજબ અષાઢ સુદ અગિયારસથી કારતક સુદ અગિયારસ સુધી દેવતાઓ સૂઈ જાય છે, જેને ચતુર્માસ કહેવામાં આવે છે. કારતક સુદ અગિયારસે દેવો જાગે છે.

**પાંચ દિવસની ગિરનારની પરિક્રમાનો કાર્યક્રમ**

| | |
|---|---|
| કારતક સુદ અગિયારસ | : ગિરનાર પર્વતની તળેટીમાં ભવનાથ મહાદેવથી પરકમ્માનો આરંભ કરવો. |
| કારતક સુદ બારસ | : ગિરનાર પર્વતની ઉત્તરે ઝીણાબાવાની મઢી પાસે, |
| કારતક સુદ તેરસ | : ગિરનાર પર્વતની પૂર્વે માળવેલાની જગ્યા પાસે, |
| કારતક સુદ ચૌદસ | : ગિરનાર પર્વતની દક્ષિણે બોરદેવી પાસે, |
| કારતકી પૂનમ | : ભવનાથની તળેટી તરફ પાછા ફરી પરકમ્મા પૂરી કરવી, |

ભવનાથ તળેટીમાં યાત્રાળુઓ દામોદરકુંડ અને મૃગીકુંડમાં સ્નાન કરી કે આચમન લઈ ભવનાથ મહાદેવ અને દુગ્ધેશ્વર મહાદેવમાં દર્શન કરી પરિક્રમા માટે પ્રયાણ કરે છે. ભવનાથથી ઝીણાબાવાની મઢી તરફ જતાં ઇટવેશ્વર મહાદેવનું સ્થાન ડાબે હાથે આવે છે. આ સ્થળેથી ઇંટવા નામની ટેકરીનું ચઢાણ શરૂ થાય છે. અડધી ચડાઈ પૂરી થતાં જમણા હાથે દૂર ગિરનાર પર્વતની મધ્ય ઊંચાઈએ જટાશંકર મહાદેવની જગ્યાનાં દર્શન થાય છે. અહીંનું વન સાગ, કેસૂડા, ખાખરા, સીતાફળથી ભરપૂર છે. ઇંટવાની ઘોડી ચઢી ચાર ચોક પહોંચાય છે. ચાર ચોકથી રસ્તો ઝીણાબાવાની મઢી તરફ જાય છે અને બીજો રસ્તો જમણે એકાદ કિમી. દૂર જંગલોમાં રાણીયા કૂવા પાસે મહાદેવની જગ્યામાં પહોંચે છે. આ વિસ્તાર વનરાજીથી ભરપૂર છે. ત્યાંથી ગિરનાર પર્વતનાં ભરતવન અને શેષાવનનાં ધાર્મિક સ્થાનોનું દર્શન શક્ય બને છે. ચાર ચોકથી ઝીણાબાવાની મઢીએ પહોંચાય છે. ઝીણાબાવા નામના સિદ્ધપુરુષે આ જગ્યા સ્થાપેલી

છે. ઝીણાબાવા ચમત્કારી સંત તરીકે લોકોમાં પ્રચલિત છે. અહીં યાત્રાળુઓ રાતે મુકામ કરે છે.

અહીંથી પરિક્રમા બે માર્ગમાં ફંટાય છે. એક રસ્તો સરકડિયા ઘોડી ચડીને સરકડિયા હનુમાન, સૂરજકુંડ થઈ માળવેલા જાય છે. જ્યારે બીજો માર્ગ માળવેલા ઘોડી ચઢી માળવેલાની જગ્યાએ પહોંચે છે. સરકડિયા હનુમાનની જગ્યામાં ઘોડી પરચા મળ્યાની વાતો લોકોમાં ચર્ચાય છે. સૂરજકુંડમાં સ્નાન કરી યાત્રાળુઓ માળવેલામાં મહાદેવનાં દર્શન કરી રાત રોકાય છે. માળવેલાની તળેટીમાંથી રામગંગા નીકળે છે. આ નદી ગુરુશિષ્ય પરશુરામ અને કર્ણની કથા સાથે સંબંધ ધરાવે છે. અહીં પરશુરામ આશ્રમ હતો એમ કહેવાય છે. સૂર્યકુંડ આજે પણ છે. માળવેલાથી નળપાણીની ઘોડી ચઢીને નળપાણીની જગ્યામાં વિસામો કરી, હેમાજળિયા થઈને યાત્રાળુઓ બોરદેવી પહોંચે છે, જ્યાં બળદેવી માતાજીનું મંદિર છે. આ મંદિરની જગ્યાએ બોરડીનું ઝાડ હતું. ત્યાં અંબાજી માતા પ્રગટ થતાં બોરદેવી કહેવાય છે. બાજુમાં લાખા મેડી નામનું જૂનું ખંડિયેર છે.

બોરદેવીની જગ્યામાંથી ગબ્બર પર્વતનાં દર્શન થાય છે. આ પર્વતને ગધ્ધેસિંહનો ડુંગર પણ કહે છે. સાધુઓ માને છે કે આ પર્વતમાં આજે પણ અશરીરી યોગીઓ વસે છે. બોરદેવીની જગ્યામાંથી ગિરનાર પર્વતની ગોરખનાથ ટૂક, દત્તાત્રેયની ટૂક, કમંડળકુંડ, કાળકાની ટૂક, અનસૂયા ટૂક વગેરેનાં દર્શન થાય છે. બોરદેવીથી ખોડિયાર ઘોડી ચઢીને ભવનાથ તળેટીમાં પહોંચાય છે.

**લીલી પરકમ્મા દરમિયાન અવલોકનો તથા અનુભવો**

વર્ષ ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ દરમિયાન ગિરનારની પરિક્રમા કરવાનો અદ્‌ભુત આનંદ મેં મેળવ્યો છે. ખેડૂતો માટે વરસાદ કેટલો બધો અગત્યનો છે, તે તો આવા પ્રસંગે ગામડેથી આવતા લોકોના ઉત્સાહ પરથી જાણી શકાય. હાલના સમયમાં ઉતારાની, ભોજન, પાણી અને રસ્તાની સગવડો વધતાં દર વર્ષે આઠથી દસ લાખ યાત્રાળુઓ પરિક્રમા કરે છે. આખા સૌરાષ્ટ્રમાં અનેક લોકોએ વરસોવરસ સળંગ અથવા તો પોતાના જીવન દરમિયાન પાંચ, દસ, પંદર વાર લીલી પરિક્રમા કરી હશે. પરકમ્મામાં જવાનું એટલે બસ જવાનું. પરકમ્મા દરમિયાન લોકોના સમૂહમાં ભળી જઈ, તેમની વચ્ચે રહીને થયેલા અનુભવોએ મને જીવન, સમાજ તથા પર્યાવરણ વિશે કેળવ્યો છે.

સમગ્ર પરિક્રમા દરમિયાન ગામડાંના માણસોને પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડતાં મેં જોયાં છે. ગામડેથી આવેલા મોટા ભાગના માણસો એક તો સમૂહમાં આવેલા છે, સાથે અનાજના ડબા છે. જરૂર મુજબ શાકભાજી કે દૂધ ખરીદી લઈ, અન્નક્ષેત્રોમાં વિનામૂલ્યે ખાવાને બદલે જાતે રસોઈ કરે છે. જંગલનાં લાકડાં વાપરે

છે તે એક ઘસારો છે; પરંતુ ચૂલાને બરાબર ઓલવવાનું કામ પણ કરે છે. બપોરે કે મોડી સાંજે રસ્તાની બાજુમાં જ્યાં પણ સપાટ કે વ્યવસ્થિત જગ્યા મળે છે ત્યાં સમૂહમાં સ્થાન જમાવી, રસોઈના કામની વહેંચણી કરી, આનંદથી રસોઈ કરીને ખાતા લોકોને જોયા. જમ્યા પછી તે સ્થાને જ આરામ કરવાનો. મેં જોયું છે કે ચાલતાં લાગેલા થાકને કારણે આરામ કરવાને બદલે રસોઈકામમાં જોડાઈ જતા લોકોને અને ખાસ કરીને સ્ત્રીઓને સહેજ પણ આળસ નથી આવતી. આ પણ એક આનંદનો વિષય છે. દિવસ દરમિયાન કરેલા કામના થાકની ફરિયાદ કરી, આળસ કરવાને બદલે આનંદમાં રહીને બાકીનાં કામ કરવા માટેની મને પ્રેરણા જરૂર મળી. જોઈએ, અમલમાં કેટલું મુકાય છે!

પરિક્રમા દરમિયાન જંગલના રસ્તાઓ અને તેની અંદરનાં સ્થળોમાં ઘણો કચરો થાય છે. પર્યાવરણના વિનાશ માટે પ્લાસ્ટિક પર્યાપ્ત છે અને વન વિભાગ દ્વારા તેનો ઉપયોગ ન કરવા વિશે કડક સૂચના આપવામાં આવે છે. પ્લાસ્ટિક કે તેની બનેલી કોઈ વસ્તુને અંદર લઈ જવાની મનાઈ છે છતાં અનેક યાત્રાળુઓ પ્લાસ્ટિકની થેલીઓ કે પ્લાસ્ટિકની બનેલી વસ્તુ અંદર લઈ જાય છે અને તેને ગમે ત્યાં નાખી દે છે. જૈવિક ધોરણે પ્લાસ્ટિક કુદરત સાથે ભળી શકતું નથી કે તેનો નિકાલ કરી શકાતો નથી. પ્લાસ્ટિકની થેલીઓ પ્રાણીઓના ખોરાકમાં કે પાણીમાં જાય તો પ્રાણીઓનું મૃત્યુ પણ થઈ શકે. જે લોકો કચરો નાખીને ગંદકી કરે છે તેને ખબર પણ નથી પડતી કે કચરો સાફ કરનાર કે ઉપાડનાર માટે તે કામ ખાસ્સું આકરું છે.

નદી, વહેણો કે કુંડમાં નહાતી વખતે લોકો સાબુ કે શૅમ્પૂનો ઉપયોગ કરે છે. આ જ પાણી જંગલનાં પક્ષી અને પ્રાણીઓ પીએ છે અને એ જ પાણી આગળ વહીને ડૅમમાં જતું હોય છે. કચરામાં થયેલા સડા કે દૂષિત પાણીને કારણે જંગલનાં પક્ષી-પ્રાણીના આરોગ્ય પર ગંભીર સંકટ તો છે જ. પ્લાસ્ટિકના ઉપયોગને સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવે તે અનિવાર્ય છે. યાત્રાળુઓ કચરો ખુલ્લામાં નાખવાને બદલે કચરાપેટીમાં નાખે અને એમ ભેગો થયેલો કચરો ખાડા ખોદીને દાટી દેવામાં આવે અથવા તો જંગલની બહાર લઈ જવામાં આવે તે જરૂરી છે.

પરિક્રમા પૂરી થયા બાદ અનેક શાળાઓનાં બાળકો ગિરનારની સફાઈ માટે શ્રમયજ્ઞમાં જોડાય છે. વન વિભાગના કર્મચારીઓ સાથે વાત કરતાં ખબર પડી કે પરિક્રમા પૂરી થયા બાદ જૂનાગઢ, કેશોદ વગેરેની વિવિધ શાળાઓનાં બાળકો તેમ જ નાગરિકો સફાઈના કામમાં જોડાય છે. કેટલાંક તો બે-ત્રણ રાત-દિવસ અંદર રોકાય છે અને ખંતથી સફાઈ- કામ કરે છે. આ શ્રમયજ્ઞ માટેની યાદી તૈયાર કરવામાં આવે છે અને વન વિભાગના કર્મચારીઓ તેનું ઉચિત સંયોજન કરે છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# વિદેશનીતિના નવા આયામો

સમગ્ર દેશ બીજેપીના પ્રભુત્વ સાથેના એનડીએ શાસનના પ્રથમ છ માસનું સરવૈયું કાઢી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિવિધ દેશોની શુભેચ્છા મુલાકાત તેમજ સત્તાવાર મુલાકાતોમાં વ્યસ્ત છે. વડાપ્રધાનપદના શપથગ્રહણ સમયે સાર્ક દેશોના વડાઓને આમંત્રિત કરીને તેમણે પડોશી દેશો સાથેના સંબંધો સુધારવાની તત્પરતા વ્યક્ત કરી. તે પછીના ટૂંકા ગાળામાં આ ક્ષેત્રે કામ કરવા તેમણે ઝડપથી એક પછી એક પગલાં ભર્યાં. પ્રારંભે ભુતાનની મુલાકાત લઈ તેમણે વિદેશનીતિના ક્ષેત્રે સક્રિય શરૂઆત કરી. ચીન જેવા પ્રતિસ્પર્ધીને અંકુશમાં લેવા પડોશી નાના દેશોને તેમણે સધિયારો પૂરો પાડ્યો. પછી ત્રણ આંતરરાષ્ટ્રીય સંમેલન, સંયુક્ત રાષ્ટ્રોમાં સંબોધન, બ્રિક્સ, આશિયાન અને જી-૨ની શિખર બેઠકો, નેપાળમાં સાર્ક સંમેલન – એમ દુનિયાના નોંધપાત્ર દેશોમાં તેઓ ઘૂમી વળ્યા છે. આજના અત્યંત ઝડપી સંપર્ક જગતમાં તેમણે ઠેર ઠેર બિનનિવાસી ભારતીયોને આકર્ષ્યા. વિદેશમાં વસતા ભારતીયોએ સ્વયંની હાજરીથી તેમને અભૂતપૂર્વ આવકાર આપ્યો. આ સ્વાગત ઠાલો આવકાર કે પ્રચારથી પ્રેરાયેલી માનવગિરદી નહોતી. વાસ્તવમાં પહેલી નજરે એ બિનનિવાસી ભારતીયોની નવી સરકાર પાસેથી કાર્યક્ષમ સરકારની અપેક્ષાની દ્યોતક છે. જે તે દેશોમાં હિલ્લોળે ચડેલો ભારતીય માનવમહેરામણ જરૂર કેટલાક સૂચિતાર્થો ધરાવે છે.

આ સૂચિતાર્થોને ધ્યાનમાં રાખવા જરૂરી છે. સૌપ્રથમ તો સાખ પડોશી દેશો સાથેના નબળા પડેલા સંબંધોમાં નિકટની મૈત્રી ઊભી કરવાનો ઉદ્દેશ તેમાં રહેલો છે. છ માસમાં નેપાળની બે વાર મુલાકાત લેવા સાથે ત્રીજી મુલાકાત લેવાની બાંયધરી તેમણે આપી છે. તેમાં માઓવાદની સ્થાપના પછી ચીન તરફ ઢળી રહેલા નેપાળને ભારતની નજીક લાવવાનો પ્રયાસ સ્પષ્ટ છે. બીજી મુલાકાત જે મુખ્યત્વે તો સાર્ક સંદર્ભે હતી તેમાં સુરક્ષા-સલાહકાર અજિત દોવલને સુરક્ષાના દૃષ્ટિકોણથી આર્થિક સહાય કરવા સાથે થઈ શકે તેવી મદદની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવા જણાવ્યું છે. એ સંદર્ભમાં નેપાળ ફરી અધિકૃત હિંદુ રાષ્ટ્ર બને તો તે મોદી સરકારની ભારે મોટી સિદ્ધિ હશે. સાર્ક દેશો સાથે સંબંધોને નવો વળાંક આપવા સાથે સાઉથ એશિયન ઇકોનોમિક યુનિયન(SAEU)ની સ્થાપનાનો સંકલ્પ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમાં આર્થિક પ્રવૃત્તિથી ધમધમતા કોમન માર્કેટની રચના પાયાની બાબત છે. વેપારવિનિમયને વેગ આપી સારી વાહનવ્યવસ્થા(ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ)નું આયોજન કરી આ દેશો વચ્ચે વેપાર આડેના અવરોધો દૂર કરવાનું લક્ષ્યાંક છે. આમ નિકટની મૈત્રીના લક્ષ્યાંકનો તાગ લેવા તેઓ સક્રિય છે. બીજું, પ્રતિસ્પર્ધી દેશો ચીન કે પાકિસ્તાનનો પ્રભાવ ઘટાડવો. આ ઉદ્દેશમાં ઝાઝી મુત્સદ્દીગીરીની આવશ્યકતા છે. તિબેટના ગ્યિરોંગ અને નેપાળના સ્યાપર ગામને જોડતી ૧૪૦૦ કિમી.ની પાકી સડક બાંધીને ચીન આખો હિમાલય વીંધીને તેનો પ્રભાવ આ વિસ્તારમાં

વધારવાની વેતરણ ધરાવે છે. એ મુદ્દે ભારતે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે, પરંતુ તે પૂરતું નથી. નેપાળ અને ભુતાન સાથેના ગાઢ સંબંધો દ્વારા તેઓ પ્રતિસ્પર્ધી પ્રભાવને ખાળવાની ચિંતામાં છે. પાકિસ્તાનનું ગ્વાદર બંદર ચીન તેના કબજામાં લઈ ચૂક્યું છે. શ્રીલંકાનાં ત્રણ બંદરો તેણે લીઝમાં મેળવ્યાં છે. લડાખમાં ભૂમિ માર્ગે ઘૂસણખોરી કરવાની પેરવીમાં છે એવા સંજોગોમાં આ બંને દેશો સાથેના વિશેષ ગાઢ સંબંધો પ્રોત્સાહક અને દૂરગામી બનવાની ક્ષમતા ધરાવે છે.

આ બધાંમાં સવિશેષ ઉલ્લેખનીય છે તેમનો અમેરિકા–ઑસ્ટ્રેલિયા પ્રવાસ. અમેરિકામાં તેમ જ ઑસ્ટ્રેલિયામાં બિનનિવાસી ભારતીય સમુદાય તેમને જોવા–સાંભળવા હિલ્લોળે ચઢ્યો હતો. એ માત્ર લોકરંજક (populist) સમુદાય નહોતો. તેઓ મોદી પાસેથી નક્કર પગલાંની અપેક્ષા–આશા રાખે છે. ભારત-પ્રવેશ વેળા તત્કાળ વિસા આપવાની જાહેરાત આ દિશામાં માત્ર શરૂઆત છે. મોદીએ અમેરિકા સાથે મૈત્રીની પહેલ કરીને ભારત–અમેરિકા સંબંધોને નવો આયામ આપ્યો છે. ઑસ્ટ્રેલિયા જી-૨૦ સંમેલનમાં ઓબામા–મોદી પરસ્પરને ભેટ્યા તે બંને દેશો વચ્ચેનો દોસ્તાના મિજાજ છતો કરે છે. વધુમાં ૨૦૧૫ના ગણતંત્ર દિવસના રાષ્ટ્રીય સમારોહમાં ઓબામાને આમંત્રિત કરવા અને ઓબામા દ્વારા તેનો તરત સ્વીકાર થવો – બંને પાસાંઓ વિદેશનીતિમાં આવી રહેલા બદલાવને સ્પષ્ટ કરે છે. આજ સુધી કોઈ અમેરિકી પ્રમુખ આ પ્રસંગે ભારતના સત્તાવાર મહેમાન બન્યા નથી. આ ઘટનાને જરા ઊંડાણથી તપાસીએ તો સ્પષ્ટ છે કે નવી દિલ્હી અને વૉશિંગ્ટન વચ્ચે દસકાઓ સુધી ઊંડો અવિશ્વાસ પ્રવર્તતો હતો. પાકિસ્તાન અમેરિકાનું નજીકનું ભરોસાદાર રાજ્ય હતું. બીન-લાદેનની હત્યા, આતંકવાદને પાકિસ્તાન દ્વારા આપવામાં આવતો વેગ – આવી બાબતોએ તેમની વચ્ચેની નજદીકતામાં ભંગાણ પાડ્યું છે ત્યારે ભારત સાથેની મૈત્રી અમેરિકાને હવે ભરોસાપાત્ર લાગે છે. ભારતના આમંત્રણનો ત્વરિત સ્વીકાર અને ઓબામાનું આગમન – બંને પક્ષે વિદેશ-સંબંધોમાં નવા અધ્યાયનો – અવિશ્વાસમાંથી વિશ્વાસની દિશાનો આરંભ કરનાર બની રહેશે. અમેરિકામાં બિનનિવાસી ભારતીયોએ ખુદની ગંજાવર શક્તિનું પ્રદર્શન કરીને બંને દેશો વચ્ચે નવી સહભાગીદારી સર્જવાની દિશામાં પ્રારંભનાં પગલાં માંડ્યાં છે.

વધુમાં ઓબામા પ્રમુખપદની તેમની બીજી મુદતના અંતભાગમાં છે. તેમની ઘરઆંગણાની લોકપ્રિયતા ઘટી રહી છે. તેમના પક્ષે અમેરિકન સેનેટમાં પ્રભુત્વ ગુમાવ્યું છે. આ સંજોગોમાં ભારતીય મતદારોનું મોટું સમર્થન મેળવવાની તેમની આ તજવીજ છે. ગમે તેમ પણ એથી ભારતને કોઈ નુકસાન નથી. 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' અને 'વૉશિંગ્ટન પોસ્ટ' જેવાં અખબારો પણ ભારતને મહત્ત્વ આપવાના આ નિર્ણયને વિવિધ સંકેતો દ્વારા સમર્થન પૂરું પાડી રહ્યા છે. નવો ચીલો ચાતરનાર મોદી–મુત્સદ્દીગીરી ઊંચા લક્ષ્યાંકો સાથે ગતિ કરી રહી છે. આવનારો સમય તેનાં સાચાં લેખાં-જોખાં માંડી શકશે.

– રક્ષા મ. વ્યાસ

# પ્રાપ્તે સંનિહિતે મરણે....

ભગવાન બુદ્ધે પાંચ અનિવાર્ય દુઃખોમાં મૃત્યુને સ્થાન આપ્યું છે : મૃત્યુ શું પીડાકારક ઘટના છે ? કે પછી તે અનેક પીડામાંથી મુક્તિ અપાવે છે ? જે પાછળ જીવે છે તેને માટે શોક ઉત્પન્ન થાય છે; પરંતુ આપણી સ્મૃતિ અલ્પજીવી હોવાને કારણે – દુઃખનું ઓસડ દહાડા – તે પણ શમે છે. કેટલાકના જીવનમાં તે વૃદ્ધિકારક અવસર પણ બની રહે છે, જેમ કે પૂ. ગાંધીબાપુ. અનેક જીવનસંતુષ્ટ જીવો માટે તે સંતોષની પરાકાષ્ઠા બની રહે છે.

મૃત્યુ સમીપે ૪ વાક્યો કયાં હોઈ શકે ? – (૧) મને ક્ષમા આપો; (૨) હું ભૂલી ગયો છું અને માફી આપું છું; (૩) આભાર, ધન્યવાદ કે કૃતજ્ઞ છું અને (૪) હું તને/તમને ચાહું છું. પાંચમું વાક્ય મૌન અને સ્મિતથી અભિવ્યક્ત થાય છે – 'જાઉં છું, પુનરાગમનાય.'

અંગ્રેજી શબ્દ patientનો અર્થ થાય છે sufferer, દર્દ ભોગવનાર – દર્દી. તબીબ મૂળભૂત સ્વરૂપે પીડા દૂર કરનાર વ્યાવસાયિક છે. તે પીડા અને તેના કારણરૂપ રોગને મટાડે છે કે શમાવે છે. ત્યારે તેને સફળતાની ભાવના થાય છે. જ્યારે તે નિષ્ફળતાની સ્થિતિ અનુભવે છે ત્યારે તે, એક માણસ હોવાને કારણે, દુઃખ અનુભવે છે. તેથી તે વ્યાવસાયિક હોવા છતાં મનથી દર્દીને છોડી દે છે. દર્દી માટે, તબીબ મુખ્ય આશાતંતુ હોવાથી, આવી સ્થિતિ અતિશય પીડાકારક હોય છે.

ધર્મ પીડાને આધ્યાત્મિક સ્વરૂપ આપે છે – તિતિક્ષા કે તપનું સ્વરૂપ. ધર્મનિરપેક્ષ વિજ્ઞાને અંતિમ સેવાશ્રમો(hosprice)ની વિભાવના વિકસાવી છે, જેમાં પીડાશામક પરિચર્યા પ્રમુખ ઘટક છે. ભારતની સંસ્કૃતિમાં મોટા ભાગની વ્યક્તિઓ પોતાના છેલ્લા દિવસો ઘરમાં કુટુંબીઓ વચ્ચે ગાળવા ઇચ્છે છે તેવી 'દેહલીદ્વારે સેવા'(home hosprice)ની વિભાવના વિકસી છે. જેમાં તબીબ અને શુશ્રૂષા-પરિચારિકાઓ મરણાસન્ન દર્દીને ઘરે જઈને તેની પીડાનું શમન કરવા પ્રયત્ન કરે છે.

મૃત્યુ પ્રમુખપણે વ્યક્તિગત પીડા, પ્રક્રિયા અને અનુભવનો વિષય હોવાથી આધુનિક તબીબી વિદ્યા તેને પૂરેપૂરું સમજી શકતી નથી. મૃત્યુની સ્થિતિ કોઈ રોગ નથી કે જેને મટાડવાની હોય. તે પોતે જ પીડા કે રોગનો અંતિમ ઉપચાર છે. જો તબીબી જ્ઞાન તે સમયે દુખાવો, શ્વાસોચ્છ્વાસની તકલીફ કે અન્ય શારીરિક તકલીફો હોય તો તેને નિવારી શકે છે અને મૃત્યુને શાંત, સુખપૂર્ણ અને ગૌરવશીલ અવસર બનાવી શકે છે.

વ્યક્તિ એટલે દેહ, કાલખંડ, માન્યતાઓ, ભાવનાઓ, મૂલ્યો, સ્મૃતિસમૂહ, ભય-આનંદ-ઉમંગ-સંતોષ-અપેક્ષાઓનો સમૂહ, ઈશ્વરથી સાપેક્ષ કે નિરપેક્ષ અસ્તિત્વ, અભિવ્યક્તિ કે મૌલિક વગેરે વિવિધ ઘટકોનો સમૂહ. તેથી દરેકની અંતિમ ક્ષણ અલગ અલગ સ્વરૂપની અને અલગ અલગ ભાવતરંગવાળી ઘટના હોય છે. જોકે અંતિમ ક્ષણ જેમ જેમ પાસે આવતી જાય તેમ તેમ વ્યક્તિ પ્રિય વસ્તુઓ, પ્રિય વ્યક્તિઓથી વિમુખ થતી જાય છે

અને એકાંતમાં ઊંડે ઊતરે છે. ક્યારેક તે તેની પીડાને પણ અનુભવવાનું બંધ કરી દે છે; પરંતુ હરહંમેશ તેવું થતું નથી અને તબીબી ઉપચાર તેને શારીરિક યાતનાઓમાંથી મહદ્-અંશે બહાર કાઢી શકે છે.

તબીબી વિદ્યાની પીડાશમનની ક્રિયા ફક્ત ઔષધીય નથી. તે સમયે થતી વાતચીત પણ ઘણી કાલ્પનિક પીડા ઘટાડી શકે છે. તે દર્દી અને તેની સંભાળ રાખનારા પ્રિયજનોને અનિશ્ચિતતા, એકલવાયાપણું, અસહ્ય ચૂપકીદી અને અવાસ્તવિક અપેક્ષાઓથી બચાવી શકે છે. તબીબો અન્ય સંભાળદાયકો(care-givers)ના મોંના હાવભાવ, નેત્રાનુનેત્ર મેળ, અંગવિન્યાસ (બેસવા-ઊભા રહેવાની રીત), અવાજની ઝડપ અને તીવ્રતા, સ્પર્શ વગેરે તે શું કહે છે તેના કરતાં વધુ જણાવી જાય છે. તેથી આવા અંતિમ તબક્કાની સારવાર આપતા વ્યાવસાયિકોને તેની ખાસ તાલીમ અપાયેલી હોય છે.

તબીબો અને વ્યાવસાયિક સંભાળદાયકોને યુવાન કે કિશોરાવસ્થાના દર્દીઓ, કુટુંબને અતિપ્રિય વ્યક્તિ, આકસ્મિક મૃત્યુની સ્થિતિ, વૅન્ટિલેટર કે અન્ય જીવનરક્ષક પ્રણાલીની નિષ્ફળતા વગેરે સ્થિતિમાં કોઈ દુઃખદ કે શોકદાયક સંભાવના કે સમાચાર આપવામાં માનવસહજ મુશ્કેલી પડે છે. વ્યાવસાયિકો પણ લાગણીસભર માનવો છે. તેથી આવી સ્થિતિ તેમને તેમના વ્યાવસાયિક વાતચીતના કાર્યમાં મુશ્કેલી સર્જે છે. તેમણે મરણાસન્ન વ્યક્તિ તથા તેના કૌટુંબિક કે વ્યાવસાયિક સંભાળદાયકોને ધ્યાનમાં રાખીને વાત કરવાની હોય છે. વળી તેમનું કાર્ય મૃત્યુ થવા સાથે પૂરું થતું નથી પરંતુ તે મૃતદેહને માનભેર તેનાં સગાંને સુપરત કરવાથી માંડીને તેમના શોકના સમયગાળા સુધી લંબાય છે. આ સમગ્ર સમયે તેમણે સક્રિય સહૃદયતા રાખવી જરૂરી બને છે.

આધુનિક ઘનિષ્ટ સારવાર કક્ષો(ICU)માં જીવનરક્ષક પ્રણાલીઓ (વૅન્ટિલેટર, લોહીનું દબાણ જાળવતી અને રુધિરાભિસરણને ટકાવી રાખતી સારવાર, હૃદયના ધબકારા બંધ થઈ ગયા હોય કે શ્વાસોચ્છ્વાસ બંધ થઈ ગયો હોય તો તેને ફરીથી ચાલુ કરીને ટકાવી રાખવાની સારવાર વગેરે) કરવી કે નહિ અને ક્યાં સુધી ચાલુ રાખવી તે અંગે નિર્ણયો લેવાનું ક્યારેક મુશ્કેલ બને છે. દર્દીએ પોતે, જ્યારે તેનું જ્ઞાનભાન બરાબર હોય ત્યારે લેખિત જાહેરાત કરી હોય અથવા તે સાનભાનમાં ન હોય અને તેના જવાબદાર સગાએ લેખિત જાહેરાત કરી હોય તો આ પ્રકારની જીવનરક્ષક સારવાર શરૂ કરવાની રહેતી નથી. જોકે દર્દી સિવાય અન્ય વ્યક્તિની લેખિત જાહેરાત હોય તો પણ તબીબે નૈતિકતાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો પડે છે. આ પ્રકારની લેખિત જાહેરાતને DNI – DNR (Declaration for No Infulation and Declaration for No Resuscitation) કહે છે. આવા સમયે જીવનરક્ષક ઉપચાર-પ્રણાલી શરૂ ન કરવામાં આવે તો તે આત્મહત્યા કે તે માટેની સહાય ગણવામાં આવતી નથી. જોકે એક વખત વ્યક્તિને જીવનરક્ષક ઉપચાર-પ્રણાલીની સારવાર શરૂ કરાઈ હોય તો તે બંધ કરવા માટે તેનાં સગાંની અતિશય ઇચ્છા હોય તો પણ તે બંધ કરવા માટે હાઈકોર્ટની ખંડપીઠની મંજૂરીની જરૂર પડે છે.

→

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

❖ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના** ઉપક્રમે ડિસેમ્બર મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૭ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : ઉપનિષદો અને આપણું જીવન
વક્તા : પૂ. સંતશ્રી આનંદમૂર્તિજી

**૩૧ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : ભાષા અને માનવચેતના
વક્તા : શ્રી વિનોદ જોશી

---

←

મૃત્યુ જીવનનો અંતિમ તબક્કો છે અને તેને વિકાસ માટેનો અવસર ગણવાનું પણ એક વિધાયક સૂચન છે. જીવનના છેલ્લા તબક્કામાં વ્યક્તિ ૧૦ જુદાં જુદાં સીમાચિહ્નો પાર કરીને પોતાનો અંતિમ વિકાસ સર્જી શકે છે જે તેને સંતોષપ્રદ અને સુખદ અંતિમ ક્ષણો બક્ષી શકે છે.

૧. ઐહિક જવાબદારીઓની પૂર્તિ કર્યાની ભાવના (વિલ કરવું, નાણાકીય વ્યવસ્થા ગોઠવવી),
૨. સમાજ સાથેના સંબંધોને સંપૂર્ણ કરવાની ભાવના (વિવિધ સામાજિક સંબંધોમાંથી નિવૃત્તિ – વ્યવસાયમાંથી, સંસ્થાઓમાંથી નિવૃત્તિ; સર્વને માફી બક્ષવી, આભારવશતા અનુભવવી અને વખાણવાની વૃત્તિ રાખવી),
૩. પોતાના જીવનની યથાર્થતાની ભાવના (પોતાનાં કરેલાં કાર્યોનું આકલન, જીવનવૃત્તાંત લેખન, જ્ઞાન-ડહાપણની પુંજીનું વિતરણ),
૪. પોતાની જાતને માટે પ્રેમની ભાવના (પોતાની સફળતાઓ માટે સંતોષ; નિષ્ફળતા કે ભૂલો માટે ક્ષમાયાચના),
૫. અન્ય સર્વ માટે પ્રેમની ભાવના (સર્વને આવકાર, સર્વનો સ્વીકાર અને ઉપયોગિતા માટે કૃતાર્થતા),
૬. કૌટુંબિક અને મિત્રવર્ગ સાથેના સંબંધોની સમાપ્તિની ભાવના (કોઈને દુઃખ પહોંચ્યું હોય તો દિલગીરી કે ક્ષમાયાચના, કૃતજ્ઞતા, વખાણ, પ્રેમનો સ્વીકાર અને વિદાય માટે અનુમતિ),
૭. જીવનની સત્યતાના સ્વીકારની ભાવના (ઇંદ્રિયો અને લાગણીઓને અંદર તરફ વાળી લેવી તથા શારીરિક પરાવલંબનનો સ્વીકાર કરવો),
૮. પોતાના અસ્તિત્વ વિનાની પોતાની અભિવ્યક્તિના સ્વીકારની ભાવના,
૯. જીવનને મૃત્યુના સંદર્ભે ફરીથી સમજવાની વિશિષ્ટ ભાવના,
૧૦. અજ્ઞાતને શરણે જવાની, તેનું શરણ સ્વીકારવાની ભાવના.

**– શિવીન નં. શુક્લ**



રૂપાંશી કશ્યપ અને સંજુકતા સિંહા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ

'નૃત્ય પ્રસ્તુતિમાં સૌંદર્યનો આવિર્ભાવ'
વિશે શ્રી કુમુદિની લાખિયા





'શ્રી અરવિંદનું મહાકાવ્ય : સાવિત્રી'
વિશે શ્રી રાજેન્દ્ર પટેલ

'વર્તમાન જીવન અને વાચનનો આનંદ'
વિશે ડૉ. જે. એમ. નાયક



RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર માસની પમી તારીખે પ્રકાશિત


# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની
અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા,
ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવી

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦ થી
વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં
૧૬૯ વિષયના ૨૩,૦૦૦થી વધુ
લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન
માહિતી ધરાવતો પ્રમાણભૂત
વિશાળ જ્ઞાનસંચય.

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતાં
ગ્રંથ ૧ થી ૨૫ સુધીની

આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ -૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ